# ચરોતરમાં બટાકાના ખરીદ ભાવ ગગડતાં ખેડૂતો માટે કફોડી સ્થિતિ

**ખેડ, ખાતર** અને મહેનત થકી કરેલા બટાકાનો પાક તૈયાર થયા બાદ ભાવ ન મળતા આર્થિક સંકટ

(પ્રતિનિધિ) આણંદ તા 9

આણંદ-ખેડા જિલ્લામાં ખેડૂતો પરંપરાગત બટાકાની ખેતી અપનાવી છે. પરંતુ હાલમાં ઉપજ થયા બાદ ખરીદ ભાવ ગગડતાં મોટાભાગના ખેડૂતોની સ્થિતિ કફોડી હાલત બનવા પામી છે. લગ્નસરાની મોસમ સહિત વિવિધ વાર તહેવારે અને રોજિંદા ઘર વપરાશ માટે રસોડામાં બટાકાની માંગ રહે છે. જેના કારણે ખેડૂતો પણ પોષણક્ષમ ભાવ મળવાની આશાએ વધુમાં વધુ બટાકાનું ઉત્પાદન મળે તે માટે ખેતીમાં મહેનત કરતા હોય છે. પરંતુ આ વર્ષે ખેડ, ખાતર અને મહેનત થકી કરેલ બટાકાનો પાક તૈયાર થયો ત્યારે યોગ્ય ભાવ ન મળતા આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

બટાકાની ખેતી સાથે સંકળાયેલ ખેડૂત શનાભાઈ પરમારના જણાવ્યા મુજબ એક વીઘામાં બટાકાની ખેતી માટે અંદાજે 30-35 હજાર સુધીનો ખર્ચ થાય છે. જેમાં બીજ અને ખોળ-ખાતરના 20થી 22 હજાર, દવાઓ 3-4 હજાર, મજૂરી અને સિંચાઈના 10-12 હજારના ખર્ચનો સમાવેશ થાય છે. સારી જમીનમાં એક વીઘાએ અંદાજે 250 મણ જેટલો ઉતારો આવી શકે છે. આ વર્ષે તૈયાર થયેલ બટાકાના ભાવમાં ગત વર્ષની સરખામણીએ ઘણો બધો ઘટાડો જોવા મળી રહ્યો છે. હાલ બજારમાં ખેડૂત પાસેથી નજીવી કિંમતે કિલોના ભાવે હોલસેલ વેપારીઓ બટાકા ખરીદી કરી રહ્યા છે. જે અગાઉની સરખામણીએ 20 કિલોએ રૂ.70થી 120નો ઘટાડો છે. જેની ખેડૂતો આર્થિક સંકટની સ્થિતિ અનુભવી રહ્યા છે.

### સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી કરવા માંગ

બટાકાના ખર્ચ સામે મળતા ઓછા ભાવના કારણે પરેશાનીમાં મૂકાયેલ ખેડૂતોના મતે સરકાર દ્વારા ટેકાના ભાવ અથવા બજારમાં ભાવની સ્થિરતા અંગે કાર્યવાહી હાથ ધરાય તે જરૂરી છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ નહીં મળે તો આગામી સીઝનમાં ઘણા ખેડૂતો બટાકાની ખેતીથી અળગા થવાનો વિચાર કરી રહ્યા છે. દૈનિક વપરાશમાં મુખ્ય શાક ગણાતા બટાકાની ખેતીના મુખ્ય વિસ્તાર ગણાતા આણંદ, ખેડા જિલ્લામાં ભાવ ઘટાડાની સ્થિતિની ખેડૂતોને આર્થિક પરેશાનીથી ચિંતાનો માહોલ છવાયો છે.

આણંદ, ખેડા જિલ્લાના બટાકા પકવતા વિસ્તારના અનેક ખેડૂતો તૈયાર થયેલ બટાકાને સ્થાનિક બજાર અને કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરી રહ્યા છે. પરંતુ બજારમાં બટાકાની માંગ ઘટતા વેપારીઓ પણ ઓછા ભાવે ખરીદી કરવાની તૈયારી બતાવી રહ્યા છે. જેના કારણે અનેક ખેડૂતોને ખેતરમાંથી પાક કાઢ્યા બાદ સીધો વેચાણ કરવાની ફરજ પડી રહી છે. કારણ કે કોલ્ડ સ્ટોરેજમાં બટાકાના સંગ્રહ કરવાનું ખર્ચ પોસાય તેમ નથી.

### પેટલાદના રાધાઘાટ ઉપર ભવ્ય આતશબાજી કરી વિજયોત્સવ ઉજવવામાં આવ્યો



પેટલાદના રાધાઘાટ ખાતેના વિશાળ એલઈડી સ્ક્રીન ઉપર ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ટી20 વર્લ્ડ કપની ફાઈનલ મેચનું પ્રસારણ પાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું. આ રસપ્રદ મેચ નિહાળવા પેટલાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી. આ મેચ જેમજેમ વિજય તરફ આગળ વધતી હતી તેમ તેમ લોકોનો ઉત્સાહ ઉજવણીમાં પરિવર્તિત થતો જોવા મળ્યો હતો. આ ફાઈનલ મેચમાં ભારત તરફી થતાં જ યુવાધન ઝૂમી ઉઠ્યું હતું. પેટલાદ પાલિકાના કારોબારી ચેરમેન જય પટેલ, શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પટેલ તથા સંગઠનના કાશ પટેલ વગેરેએ જનમેદની માટે બેઠક તથા નાસ્તા પાણીની ઉત્તમ વ્યવસ્થા કરી હતી. આ રોમાંચક મેચ નિહાળવા રાજ્ય મંત્રી કમલેશ પટેલ, પાલિકા પ્રમુખ જીજ્ઞેશ જોષી, ડીવાયએસપી એચ.બી. વાઘેલા, પાલિકાના કાઉન્સિલરો, શહેરના વેપારીઓ, આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ મેચમાં ભારતનો વિજય થતાં ભવ્ય આતશબાજી સાથે ઉજવણી કરવામાં આવી હતી. **તસવીર : વિનાયક આણંદજીવાલા**

ગાયને ક્રૂરતાપૂર્વક નાના દોરડાથી બાંધેલી હાલતમાં મળી આવી

# લુણાવાડામાં ગૌવંશને કતલખાને લઈ જતી ગાડી પકડાઈ, 5 ફરાર

**લુણાવાડા** પોલીસે રોકેલી પીકઅપ ડાલામાં તપાસ કરતાં 4 ગાય મળી આવી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.9

લુણાવાડા પોલીસે મોડાસા ફળી પાસે વોચ ગોઠવી પીકઅપ ડાલાને રોક્યું હતું. આ ડાલામાં ચાર ગૌવંશને ક્રુરતાપૂર્વક બાંધીને લઈ જવાતાં હતાં. જેમાં એકનું મોત નિપજ્યું હતું. જોકે, આ ગાડીમાં તપાસ પાંચ શખસ ભાગી ગયાં હતાં. જેમાં 2ની ઓળખ થઈ હતી. આ અંગે પોલીસે પાંચેય સામે ગુનો નોંધી તેમની ધરપકડ માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લુણાવાડા ટાઉન પોલીસને બાતમી મળી હતી કે, પીકઅપ ડાલા નં.જીજે 35 ટી 3306માં ગાય ભરીને સોનેલાથી લુણાવાડા તરફ જશે. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી મોડાસા - લુણાવાડા હાઈવે પર વોચ ગોઠવી હતી. દરમિયાનમાં પીકઅપ ડાલા આવતા તેને રોકવા ઈશારો કર્યો હતો. પરંતુ ચાલકે પુરઝડપે ચલાવી ભાગી જવા કોશિષ કરી હતી. આથી, પોલીસે ફિલ્મીઢબે પીછો કર્યો હતો. આખરે મોડાસા ફળી ખાતે ગલીમાં વાહન મુકી તેમાં સવાર પાંચ શખસ ભાગી ગયાં હતાં. જેમાં એક તાહિર બિસ્મિલ્લા પઠાણ (રહે. કસ્બા મહોલ્લા, લુણાવાડા) હતો.

આ ગાડીમાં તપાસ કરતાં ચાર ગાયને ક્રૂરતાપૂર્વક નાના દોરડાથી બાંધેલી હાલતમાં મળી આવી હતી. જેમાં એકનું મોત નિપજ્યું હતું. આ ઉપરાંત ગાડીમાં તપાસ કરતાં મોબાઈલ મળી આવ્યો હતો. જે આદીલ અનવર શેખ (રહે. લુણાવાડા) નો હતો. આ અંગે લુણાવાડા પોલીસે ગાય, પીકઅપ ડાલા સહિત કુલ રૂ.1.95 લાખનો મુદ્દામાલ જપ્ત કરી તાહિર બિસ્મિલ્લા પઠાણ અને આદિલ અનવર શેખ ઉપરાંત અન્ય ત્રણ શખસ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હુમલાખોરો બેખૌફ મારમારી જતાં રહ્યાં

# આણંદ DySP કચેરી નજીક ફિલ્મીઢબે વેપારી પર હુમલો

**કારમાં** આવેલા બે શખસે વેપારીને આંતરી મારમાર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદ શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં બુલેટ પર જતા વેપારીને કારમાં આવેલા બે શખસે ફિલ્મીઢબે આંતરી મારમાર્યો હતો. આ અંગે આણંદ શહેર પોલીસે ગુનો નોંધ્યો હતો. આ સ્થળની થોડે દુર જ ડીવાયએસપી કચેરી આવેલી છે. આમ છતાં હુમલાખોરો બેખૌફ મારમારી જતાં રહ્યાં હતાં.

આણંદના જકરીયા મસ્જીદ સામે રહેતા જાવેદભાઈ ઉસ્માનભાઈ મેમણ કોસ્મેટિકનો વેપાર કરે છે. જાવેદભાઈ 7મી માર્ચના રોજ સાંજે દુકાન બંધ કરી ઘરે જવા માટે બુલેટ પર ઘરે જવા નિકળ્યા હતાં. તેઓ મસ્તાના દાબેલી તરફ જતા રોડ પર પહોંચ્યાં તે સમયે સફેદ કલરની કારમાં આંતર્યાં હતાં. આ કારમાંથી ફરહાન મેમણ (રહે. આણંદ) ઉતર્યો હતો. તેની સાથે બીજો શખસ પણ હતો. આ બન્ને શખસે કારમાંથી ઉતરી જાવેદ પર હુમલો કરી જાહેરમાં જ મારમારવા લાગ્યાં હતાં. જોકે, આસપાસના લોકો દોડી આવતાં હુમલાખોરો ત્યાંથી મારી નાંખવાની ધમકી આપી જતાં રહ્યાં હતાં. આ અંગે જાવેદ મેમણની ફરિયાદ આધારે આણંદ શહેર પોલીસે ફરહાન મેમણ (રહે. આણંદ) અને અજાણ્યા શખસ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વર્ષો પહેલા મૃત્યુ પામેલા વ્યક્તિને જીવતા બતાવી રચાયું ગુનાહિત કાવતરું

# મહુધાના બલોલમાં કરોડોની જમીન પચાવી પાડવાનું કૌભાંડ

**મૃતકના** નામે બોગસ પાવર ઓફ એટર્ની બનાવી પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય સહિત ત્રણ સામે ફરિયાદ

### ખેડા જિલ્લા પંચાયતના પૂર્વ સભ્યની સંડોવણી

આ કેસના મુખ્ય આરોપી કલ્પેશભાઈ કાંતિભાઈ પટેલ ખેડા જિલ્લા પંચાયતના પીજ બેઠક પરથી પૂર્વ સભ્ય રહી ચૂક્યા છે અને 27 પાટીદાર સમાજના પૂર્વ પ્રમુખ પણ છે. તેઓ અમૂલ ડેરીના પૂર્વ ચેરમેન વિપુલભાઈ પટેલના ભાઈ હોવાથી આ મામલો સમગ્ર જિલ્લામાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

(પ્રતિનિધિ) નડિયાદ તા.9

મહુધા તાલુકાના બલોલ ગામની સીમમાં આવેલી કરોડોની કિંમતની વડીલોપાર્જીત જમીન પચાવી પાડવા માટે આચરવામાં આવેલું એક મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે.

મહુધાના બલોલ ગામના રામાભાઈ ભગાભાઈનું અવસાન 18મી એપ્રિલ 1996ના રોજ થયું હોવા છતાં, આરોપીઓએ વર્ષ 2007માં તેમના નામે ખોટી વ્યક્તિ ઉભી કરી પાવર ઓફ એટર્ની બનાવી હતી. આ ગુનાહિત કાવતરાના મુખ્ય સૂત્રધાર ડુમરાલના કલ્પેશકુમાર કાન્તિભાઈ પટેલે પોતાના મળતિયાઓ સંજયકુમાર મિસ્ત્રી અને કમલેશકુમાર વાઘેલા સાથે મળીને આ દસ્તાવેજ તૈયાર કર્યો હતો અને તેના આધારે 30મી મે 2008ના રોજ જમીન વેચાણનો દસ્તાવેજ પણ કરાવી લીધો હતો. જ્યારે આ છેતરપિંડીની જાણ મૂળ વારસદારોને થઈ ત્યારે તેમણે ન્યાય માટે કલેક્ટર કચેરીમાં અરજી કરી હતી. પ્રાથમિક તપાસમાં પુરાવા મળતા કલેક્ટરે ગુનો નોંધવા આદેશ આપ્યો હતો, જેના આધારે નડિયાદ સબ રજીસ્ટ્રાર સુરેશભાઈ ચૌધરીએ સરકાર તરફે ફરિયાદી બની ગુનો નોંધાવ્યો છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વલ્લભ વિદ્યાનગરમાં રાજભાષા કાર્યશાળા અને ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરાયું

**આણંદ |** નગર રાજભાષા અમલીકરણ સમિતિ, આણંદ અને કેન્દ્રીય વિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે ૦૬.૦૩.૨૬ના રોજ



રાજભાષા કાર્યશાળા અને ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી. આચાર્ય રાજેશ ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકારની વિવિધ કચેરીઓના સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મુખ્ય અતિથિ અનુરાગ આનંદ અને વિશેષ અતિથિ શ્રી રાજેશ જોશીની ઉપસ્થિતિમાં વિજેતા સ્પર્ધકોને પુરસ્કારો આપી સન્માનિત કરાયા હતા. અંતે દિનેશ સિંહે આભાર વ્યક્ત કર્યો હતો, જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજભાષાના અમલીકરણને પ્રોત્સાહન આપવાનો હતો.

### નડિયાદ શહેરમાં સ્લમ વિસ્તારની કિશોરીઓ માટે 'કિશોરી મેળો' યોજાયો



**નડિયાદ |** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા સેન્ટ આન્ના ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે માતૃછાયા ખાતે સ્લમ વિસ્તારની બાળાઓ માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જજ ડી.પી. છાટબાર અને ડો. પ્રીતિ રાઠોડ જેવા મહાનુભાવોએ દીકરીઓને સ્વ-જાગૃતિ, આત્મવિશ્વાસ અને સરકારી યોજનાઓનો લાભ લઈ આગળ વધવા પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં કિશોરીઓ દ્વારા યોગ અને સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી તથા નિષ્ણાતો દ્વારા સંસ્થામાં ચાલતા વિવિધ વ્યાવસાયિક કોર્સની માહિતી અપાઈ હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદની અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા 'ખુલ્લો મંચ' કાર્યક્રમ અને હોળી પર્વની ઉજવણી



**આણંદ |** અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ આણંદ દ્વારા પ્રમુખ જયંતીભાઈ આર. શાહના અધ્યક્ષસ્થાને 'ખુલ્લો મંચ' કાર્યક્રમ યોજાયો, જેમાં મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી મંગલ પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે ક્લબના સભ્યોએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી અને બહેનોએ હોળી રસિયાગાયને આગામી હોળી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન ભોજન પ્રાયોજક પરિવારના સભ્યો અને જન્મદિવસ ધરાવતા ક્લબના સભ્યોનું સ્મૃતિ ભેટ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. વી.વી. બારૈયાએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું અને અંતમાં ઉપપ્રમુખ શંકરલાલ મંડોરાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

### કરમસદની સાકરબા કન્યા વિદ્યાલયમાં લાયન્સ ક્લબ દ્વારા હોળી-ધૂળેટીની હર્ષોલ્લાસભેર ઉજવણી

**આણંદ |** કરમસદની સાકર બા કન્યા વિદ્યાલયમાં લાયન્સ



ક્લબના પ્રમુખ ડોલીબેન પટેલના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીનીઓ સાથે હોળી-ધૂળેટી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે લાયન્સ ક્લબ દ્વારા તમામ વિદ્યાર્થીનીઓને ધાણી અને ચણાનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ફૂલોની પાંખડીઓથી પરંપરાગત રંગોત્સવ મનાવાયો હતો. સામાજિક કાર્યકર્તા મનીષાબેન સોલંકીએ હોળીના પર્વ નિમિત્તે વિશેષ વક્તવ્ય આપીને વિદ્યાર્થીઓને તહેવારની સાચી સમજ અને તેના મહત્વ વિશે માહિતગાર કર્યા હતા. શાળાના આચાર્યા પાયલબેન અને લાયન્સ ક્લબના હોદ્દેદારોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

### કપડવંજની જીવનશિલ્પ પ્રાયમરી સ્કૂલમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી કરાઇ



**કપડવંજ |** જીવનશિલ્પ પ્રાયમરી સ્કૂલમાં મહિલા દિવસ નિમિત્તે ધોરણ ૬ થી ૮ની વિદ્યાર્થિનીઓએ વક્તવ્યો અને નૃત્ય દ્વારા નારી શક્તિનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન નયનાબેન અને મનીષાબેન પટેલે સમાજ ઘડતરમાં સ્ત્રીઓના ફાળા અને સરકારી મહિલા ઉત્થાન યોજનાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. મહિલા શિક્ષકો દ્વારા આયોજિત આ સફળ કાર્યક્રમમાં નારી સશક્તીકરણ અને આત્મનિર્ભરતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. શાળાના ડાયરેક્ટર સિદ્ધાર્થ પટેલ અને ટ્રસ્ટીગણે અભિનંદન પાઠવ્યા હતા.

### નડિયાદ ધર્મસિંહ દેસાઇ યુનિવર્સિટી દ્વારા કેન્સર પીડિતોની સહાય માટે 'વોક ફોર હર' પદયાત્રા યોજાઇ

**નડિયાદ |** નડિયાદની ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી દ્વારા આશીર્વાદ ફાઉન્ડેશનના સહયોગથી કેન્સર પીડિતોની સારવારના ઉમદા




હેતુ માટે 'વોક ફોર હર' પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાઇસ ચાન્સેલર પદ્મશ્રી એચ. એમ. દેસાઈ અને રજિસ્ટ્રાર એમ. આર. ભાવસારના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ વિદ્યાશાખાઓના 350થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ આયોજનમાં યુનિવર્સિટીના ડીન ડો. વી. એ. શાહ, NSS અને WDC કોઓર્ડિનેટર ડો. લક્ષ્મી દેસાઈ સહિત વિવિધ વિભાગના અધ્યાપકો પણ સેવામાં જોડાયા હતા.

### કપડવંજ MGVCL દ્વારા નેશનલ લાઇનમેન દિવસ અને સલામતી દિવસની શાનદાર ઉજવણી

**કપડવંજ |** કપડવંજની ત્રણેય સબ ડિવિઝન દ્વારા સંયુક્ત રીતે લાઇનમેન ભાઈઓની નિષ્ઠાપૂર્વકની સેવાઓને બિરદાવવા અને



પ્રોત્સાહિત કરવા માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જોખમ વચ્ચે વીજ પુરવઠો જાળવી રાખતા લાઇન સ્ટાફનું સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું તથા જે.બી. હોસ્પિટલના સહયોગથી લાઇનમેન માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન 'શૂન્ય અકસ્માત'ના લક્ષ્યાંક સાથે વીજ સલામતીના નિયમોના પાલન માટે શપથ લેવડાવવામાં આવ્યા અને ગ્રાહકોમાં વીજ અકસ્માત નિવારવા અંગે જાગૃતિ લાવવા વિસ્તૃત ચર્ચા થઈ હતી.

### ડાકોરમાં ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની મહિલા સન્માન અને ટિફિન બેઠક યોજાઇ



**નડિયાદ |** ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ડાકોરના રણછોડરાયજી મંદિરે દર્શન કરી મહિલા દિવસ નિમિત્તે આયોજિત 'મહિલા સન્માન' કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેઓએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અપમાન અને પ્રોટોકોલના ભંગ મુદ્દે તેમણે આકરા પ્રહારો કરી જનતા યોગ્ય જવાબ આપશે તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમ બાદ ડાકોરના માધવબાગ ખાતે ટિફિન બેઠક યોજીને પાયાના કાર્યકરો સાથે સીધો સંવાદ કરી સંગઠનને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.

### સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે 'મણિબેન પટેલ નારી રત્ન એવોર્ડ' અર્પણ સમારોહ યોજાયો

**આણંદ |** વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન



બદલ ચાર મહિલા પ્રતિભાઓને 'મણિબેન પટેલ નારી રત્ન એવોર્ડ-2026' થી સન્માનિત કરવામાં આવી હતી. કુલપતિ પ્રો. નિરંજન પટેલે મહિલાઓને રાષ્ટ્રની ધરી ગણાવી પ્રોત્સાહિત કર્યા હતા, જ્યારે કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઇરમાના પ્રો. માધવી મહેતા અને અતિથિ વિશેષ તરીકે જસ્ટિસ એસ. વી. પિંટો ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રાધ્યાપકો દ્વારા લિખિત અને મહિલા સશક્તિકરણના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડતા પુસ્તકનું વિમોચન કરાયું હતું.

### આંકલાવના મોટી સંખ્યાડ ગામે 25 લાખના ખર્ચે નવી ગ્રામ પંચાયતનું નિર્માણ કરાશે



**આંકલાવ |** ધૂળેટીના પાવન પર્વે આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડા દ્વારા મોટી સંખ્યાડ ગામને વિકાસની મહત્વની ભેટ આપવામાં આવી છે. ગામમાં વર્ષોથી અપેક્ષિત એવી નવી ગ્રામ પંચાયતનું નિર્માણ હવે અંદાજે 25 લાખના ખર્ચે સાકાર થવા જઈ રહ્યું છે. જનતાના હિત અને સુવિધા માટે હકારાત્મક અભિગમ સાથે આ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. ગ્રામજનોના હક અને ગામના સર્વાંગી વિકાસ માટે સતત સંઘર્ષ ચાલુ રાખવાનો સંકલ્પ લીધો હતો.

### ગોકુલધામ સ્કૂલમાં વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન



**પેટલાદ |** નાર સ્થિત ગોકુલધામ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સમાચાર વાંચન અને વાર્તા કથન જેવી કૌશલ્ય વર્ધક સ્પર્ધાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આધુનિક યુગને અનુરૂપ ટેકનિકલ કુશળતા માટે ટાઈપિંગ સ્પીડ અને કલાત્મક પ્રતિભા માટે કલરિંગ તેમજ 'ફૂડ વિધાઉટ ફાયર' જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. આ પ્રસંગે સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા પ.પૂ. શુકદેવ પ્રસાદદાસજી સ્વામીએ તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી શિક્ષકોના સફળ આયોજનને બિરદાવ્યું હતું.